પેજ 3

શું સની દેઓલે 'ઈક્કા'ના ટ્રેલર લોન્ચમાં ઘસાયેલા બૂટ પહેર્યા?

મુંબઈ, તા. ૩૦: અભિનેતા સની દેઓલ ૨૯ જૂનના રોજ મુંબઈમાં તેમની આગામી કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ 'ઈક્કા'ના ટ્રેલર લોન્ચમાં હાજર રહ્યો હતો, પરંતુ માત્ર આ ફિલ્મ સિવાયની ઘટનાએ પણ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. આ ઈવેન્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં અભિનેતા જૂના બૂટ પહેરેલો જોવા મળી રહ્યો છે, જેને લઈને ચાહકોમાં વિવિધ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. આ ટ્રેલર લોન્ચમાં અક્ષય ખન્ના, દિયા મિર્ઝા અને તિલોત્તમા શોમ સહિત ફિલ્મના અન્ય કલાકારો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સનીએ 'ઈક્કા' વિશે વાત કરી હતી અને પોતાના સહ-કલાકારોના અભિનયનાં વખાણ કર્યાં હતાં. જોકે, અભિનેતાએ પહેરેલા જૂના બૂટ ઓનલાઇન ચર્ચાનો વિષય બની ગયા હતા.

'લગાન' ફિલ્મને ટપાલ વિભાગનું ખાસ સન્માન

મુંબઈ, તા. 30: આમિર ખાન અભિનિત અને આશુતોષ ગોવારીકર નિર્દેશિત ફિલ્મ 'લગાન' 15 જૂન 2001ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જબરદસ્ત હિટ રહી હતી. તાજેતરમાં જ આમિર ખાને ફિલ્મની 25મી વર્ષગાંઠ પર એક ઈવેન્ટનું આયોજન કરીને ફિલ્મની સફળતાની ઉજવણી કરી હતી. ફિલ્મની આ સિલ્વર જ્યુબિલીની ઉજવણીમાં ભારતીય ટપાલ વિભાગ પણ જોડાયું છે. ટપાલ વિભાગે 'લગાન' ફિલ્મને એક ખાસ સન્માન આપ્યું છે. વિભાગ દ્વારા ફિલ્મનું એક સ્પેશિયલ અને યાદગાર કવર જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય પિક્ચર પોસ્ટકાર્ડ પણ ટપાલ વિભાગ તરફથી બહાર પાડવામાં આવ્યા છે. એક ખાસ સેલિબ્રેશન દરમિયાન ફિલ્મને આ સન્માન આપવામાં આવ્યું હતું.



» પ્રસ્તુત તસવીર મેક્સિકોના પુએબલાની છે જ્યાં મુસળધાર વરસાદ બાદ ક્ષતિગ્રસ્ત થયેલા વાહનો નજરે પડે છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, 65થી 80 મીમી જેટલા ભારે વરસાદને કારણે ઓછામાં ઓછું એક વ્યક્તિનું મોત નીપજ્યું છે તથા ઘરો અને વાહનોને મોટા પાયે નુકસાન પહોંચ્યું છે.

મુંબઈમાં સ્કૂલ બસ પર પીપળાનું ઝાડ પડતાં વિદ્યાર્થીનું મોત

11 વિદ્યાર્થીઓ ઘાયલ

મુંબઈ, તા. ૩૦ (પીટીઆઈ) મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં મંગળવારે બપોરે ૧૨ બાળકોને લઈ જઈ રહેલી એક સ્કૂલ બસ પર રોડ કિનારે આવેલું પીપળાનું ઝાડ પડતાં ૧૧ વર્ષના એક વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું અને અન્ય ચાર ઘાયલ થયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, આ ઘટના બપોરે ૨:૫૮ વાગ્યે રોડ નંબર ૧૧ પર આવેલી એક ઈમારત પાસે બની હતી. ફાયર બ્રિગેડ અને અન્ય એજન્સીઓ તરત જ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સ્કૂલ બસમાં ફસાયેલા તમામ ૧૨ વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા હતા. તેમાંથી ઘાયલ થયેલા પાંચ વિદ્યાર્થીઓને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલના મેડિકલ ઓફિસરના જણાવ્યા અનુસાર, ઘાયલ થયેલા ચાર વિદ્યાર્થીઓની હાલત સ્થિર હતી, જ્યારે ૧૧ વર્ષના વિહાન શ્રીવાસ્તવ, જેને ગંભીર ઈજાઓ થઈ હતી, તેને સાંજે લગભગ ૪.૩૦ વાગ્યે મૃત જાહેર કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, આ બસ યુનિવર્સલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને લઈ જઈ રહી હતી. સ્કૂલ બસ માલિકોની સંસ્થા, સ્કૂલ બસ ઓનર્સ એસોસિએશન (એસબીઓએ)એ દાવો કર્યો છે કે, આ ઘટનામાં ૧૧ વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે.

એસબીઓએના પ્રમુખ અનિલ ગર્ગે જણાવ્યું હતું કે, "આ ઘટનાને માત્ર કુદરતની એક કમનસીબ ઘટના કહીને સરળતાથી નકારી શકાય નહીં. આ ઘટના જાહેર સુરક્ષા માટે જવાબદાર સત્તાવાળાઓની નાગરિક સજ્જતા, પ્રિવેન્ટિવ મેન્ટેનન્સ અને જવાબદારી પર ગંભીર સવાલો ઊભા કરે છે."

દક્ષિણ આફ્રિકામાં ભભૂક્યો પ્રવાસી વિરોધી આક્રોશ

સંભવિત હિંસાને રોકવા માટે વિવિધ શહેરોમાં પોલીસ તૈનાત કરાઈ

ગેરકાયદે ઇમિગ્રેશન સામે હજારો લોકો રસ્તા પર ૨૦૦૮ પછીનું સૌથી મોટું આંદોલન

પ્રદર્શનકારીઓએ પ્રવાસીઓને દેશ છોડવા અલ્ટીમેટમ આપ્યું

જોહાન્સબર્ગ, તા. ૩૦ (એપી) દક્ષિણ આફ્રિકાના કેટલાક ભાગોમાં મંગળવારે ગેરકાયદે ઈમિગ્રેશન (સ્થળાંતર) વિરુદ્ધ રેલી કાઢવા માટે હજારો પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા, જે ૨૦૦૮માં દેશમાં ફાટી નીકળેલી પ્રવાસી વિરોધી હિંસા પછીના સૌથી મોટા સ્થળાંતર-સંબંધિત વિરોધ પ્રદર્શનો છે.

આ પ્રદર્શનો એવા સમયે આવ્યા છે જ્યારે કેટલાક વિરોધ જૂથોએ દેશમાં ગેરકાયદે રહેતા તમામ પ્રવાસીઓને બહાર કાઢવા માટે ૩૦ જૂનની સમયમર્યાદા નક્કી કરી હતી. કાર્યકરો આ પ્રવાસીઓ પર ઓછા વેતનનો સ્વીકાર કરીને દક્ષિણ આફ્રિકાના લોકોમાં બેરોજગારી પેદા કરવા માટે અને ઉચ્ચ ગુનાખોરી સહિતની અન્ય સમસ્યાઓ માટે જવાબદાર હોવાનો આરોપ લગાવે છે.

દક્ષિણ આફ્રિકાની સરકારે આ સમયમર્યાદાને ફગાવી દીધી છે અને જણાવ્યું છે કે, માત્ર સત્તાવાળાઓ જ ઈમિગ્રેશન કાયદાનો અમલ કરાવી શકે છે.

ગેરકાયદે ઈમિગ્રેશનનો વિરોધ કરનારા સૌથી અગ્રણી જૂથોમાં માર્ચ એન્ડ માર્ચ, ઓપરેશન દુદુલા અને પ્રોગ્રેસિવ ફોર્સિસ સામેલ છે. રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ સોમવારે રાત્રે આમાંના કેટલાક જૂથોના નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને તેમને શાંતિપૂર્ણ પ્રદર્શનો કરવા માટે વિનંતી કરી હતી.

વિરોધ પ્રદર્શનના નેતાઓ પૈકીના એક, ન્ગીઝ્વે મ્ચુનુએ જણાવ્યું હતું કે, તેઓ દક્ષિણ આફ્રિકામાં ગેરકાયદે નશીલા દ્રવ્યોના પ્રસાર માટે ગેરકાયદે સ્થળાંતરને જવાબદાર માને છે. મ્ચુનુએ અન્ય આફ્રિકાના દેશોના પ્રવાસીઓ દ્વારા ચલાવવામાં આવતી અનૌપચારિક પડોશી દુકાનોની મોટી સંખ્યા વિશે પણ ફરિયાદ કરી હતી અને કહ્યું હતું કે તે બધી દુકાનો દક્ષિણ આફ્રિકાના લોકોની માલિકીની હોવી જોઈએ.

મ્ચુનુએ કહ્યું, "આ એક ખૂબ જ દુઃખદ વાર્તા છે જે અમે લોકશાહીની શરૂઆતથી અમારી સરકારને કહી રહ્યા છીએ કે અહીં ગેરકાયદે ઈમિગ્રેશન નિયંત્રણ બહાર છે. હવે સમય આવી ગયો છે કે અમારી સરકાર દક્ષિણ આફ્રિકાને પ્રથમ સ્થાન આપે."

દક્ષિણ આફ્રિકાની પોલીસે સંભવિત હિંસાનો સામનો કરવા માટે જોહાન્સબર્ગના ગૌતેંગ પ્રાંત અને ડરબનના ક્વાઝુલુ-નાતાલ પ્રાંત સહિતના શહેરોમાં સેંકડો અધિકારીઓ તૈનાત કર્યા છે.

ચૂંટણી પ્રક્રિયા મુદ્દે વિપક્ષ એકજૂથ

23 પક્ષોએ ચીફ જસ્ટિસ સૂર્યકાંતને લખ્યો સંયુક્ત પત્ર

ચૂંટણી પંચની ભૂમિકા સામે ઉઠાવ્યા સવાલ

હસ્તાક્ષર કરનારાઓમાં 'ઇન્ડિયા' ગઠબંધનના તમામ મુખ્ય પક્ષો તેમ જ આપ અને ડીએમકેનો સમાવેશ

નવી દિલ્હી, તા. ૩૦ (PTI): ૨૩ રાજકીય પક્ષો અને એક અપક્ષ સાંસદે મંગળવારે ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંતને એસઆઈઆર પ્રક્રિયા, ચૂંટણી પંચની ભૂમિકા અને ચૂંટણી સંબંધિત અન્ય મુદ્દાઓ પર એક સંયુક્ત પત્ર મોકલ્યો છે.

આ પત્ર પર હસ્તાક્ષર કરનારાઓમાં 'ઇન્ડિયા' ગઠબંધનના તમામ મુખ્ય પક્ષો તેમ જ આપ અને ડીએમકેનો સમાવેશ થાય છે, જેઓ આ ગઠબંધનથી અલગ થયા છે.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે એક્સ પર એક પોસ્ટમાં આ માહિતી આપતાં જણાવ્યું હતું કે, વિરોધ પક્ષો "સ્યોર - એકતા, એકજૂથતા અને પ્રતિકાર"માં મજબૂત રીતે જોડાયેલા છે.

રમેશે એક્સ પર જણાવ્યું કે, "૨૧ રાજકીય પક્ષો અને એક અપક્ષે ૮ જૂન, ૨૦૨૬ના રોજ ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં હાજરી આપી હતી, જ્યાં ભારતના ચૂંટણી પંચની એસઆઈઆર પ્રક્રિયા અને ચૂંટણી સંબંધિત અન્ય મુદ્દાઓ પર ભારતના માનનીય મુખ્ય ન્યાયાધીશને એક સંયુક્ત પત્ર લખવાનો નિર્ણય લેવાયો હતો."

રમેશે ઉમેર્યું કે, "તે મુજબ, હવે ૨૩ રાજકીય પક્ષો અને એક અપક્ષ દ્વારા હસ્તાક્ષર કરાયેલ સંયુક્ત પત્ર આજે માનનીય મુખ્ય ન્યાયાધીશને મોકલી દેવામાં આવ્યો છે."

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સંયુક્ત પત્ર પર કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, ટીએમસી પ્રમુખ મમતા બેનર્જી, આરજેડી નેતા તેજસ્વી યાદવ, એસપી પ્રમુખ અખિલેશ યાદવ, ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન, જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, ડાબેરી પક્ષોના નેતાઓ અને અપક્ષ સાંસદ કપિલ સિબલ સહિત અન્ય નેતાઓએ હસ્તાક્ષર કર્યા છે.

ટીએમસી નેતા ડેરેક ઓબ્રાયને જણાવ્યું હતું કે, આ પત્ર પર આમ આદમી પાર્ટી અને ડીએમકે દ્વારા પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

અંબાલામાં ૪ વર્ષનો બાળક ૨૨૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી ગયો

બાળકની બચાવ કામગીરી છેલ્લા આશરે ૧૦ કલાકથી ચાલી રહી છે

અંબાલા, તા. ૩૦ (પીટીઆઈ) અહીંના એક ગામમાં મંગળવારે એક ચાર વર્ષનો બાળક ૨૨૦ ફૂટ ઊંડા ખુલ્લા બોરવેલમાં પડી ગયો હતો અને બાળકને બચાવવા માટે વિવિધ એજન્સીઓ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, બાળકની સ્થિતિ પર નજર રાખવા માટે આશરે ૯ ઇંચ પહોળા બોરવેલમાં એક કેમેરો નીચે ઉતારવામાં આવ્યો છે અને બચાવ કર્મચારીઓ દોરડાની મદદથી તેને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. એનડીઆરએફ, એસડીઆરએફ અને આર્મીના જવાનો બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે હાજર છે, જે કામગીરી છેલ્લા આશરે ૧૦ કલાકથી ચાલી રહી છે. આ ઘટના ત્યારે બની જ્યારે અંબાલા જિલ્લાના ધાનેઓરા ગામનો રહેવાસી નિર્વૈર સિંહ સવારે વહેલા તેના પિતા સાથે દાદાને ટિફિન આપવા ખેતરમાં ગયો હતો. રમતી વખતે બાળક લપસી ગયો અને ખુલ્લા બોરવેલમાં પડી ગયો હતો. આ અંગેની માહિતી મળતાં જ ડેપ્યુટી કમિશનર અજય સિંહ તોમર અને અન્ય વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) અને આર્મીની ટીમો દ્વારા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ડીસી તોમરે જણાવ્યું કે, આ ઘટના સવારે લગભગ ૬.૩૦ વાગ્યે બની હતી, અને તેમણે એ વાત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે બોરવેલનો વ્યાસ આશરે નવ ઇંચ છે.

અધિકારીઓએ જણાવ્યું કે, જિલ્લા વહીવટીતંત્રને જાણ થતાં જ તેણે તાત્કાલિક પગલાં લીધાં હતાં અને એસડીઆરએફ, એનડીઆરએફ અને ઈમરજન્સી સર્વિસ ટીમોને ઘટનાસ્થળે પહોંચવાની સૂચના આપી હતી. ડીસીએ ઘટના વિશે વિગતવાર માહિતી મેળવી હતી અને નિર્વૈરના પિતા મનજીત સિંહ સાથે વાત કરી હતી.

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી નિવૃત્ત થયા

ભવિષ્યમાં યુદ્ધો વધુ સંયુક્ત, સંકલિત અને થિયેટર-ઓરિએન્ટેડ હશે: જનરલ દ્વિવેદી

જનરલ દ્વિવેદીએ સૈન્યમાં 40 વર્ષથી વધુ સેવા આપી જનરલ દીપ્તિ સેઠ હશે આગામી સૈન્ય વડા

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ): ભવિષ્યમાં યુદ્ધો વધુ સંયુક્ત, સંકલિત અને થિયેટર-ઓરિએન્ટેડ (વિવિધ સૈન્ય પાંખો વચ્ચે સમાન તાલમેલ ધરાવતા) હશે, તેથી સશસ્ત્ર દળોની દિશા સ્પષ્ટ છે - 'સાથે જોવું, સાથે નિર્ણયો લેવા અને સાથે મળીને કાર્યવાહી કરવી', એમ નિવૃત્ત થઈ રહેલા સૈન્ય વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મંગળવારે જણાવ્યું હતું.

40 વર્ષથી વધુની વિશિષ્ટ સૈન્ય સેવા આપ્યા બાદ મંગળવારે નિવૃત્ત થઈ રહેલા જનરલ દ્વિવેદીને સાઉથ બ્લોકના લૉન પર વિદાય સમારોહમાં ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. તે પૂર્વે તેમણે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની મુલાકાત લઈને શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જૂન 2024માં દેશના 30માં આર્મી ચીફ તરીકેનો કાર્યભાર સંભાળનારા જનરલ દ્વિવેદીએ ભાવુક થઈને ભારતીય સેનાની ચાર દાયકાની સેવાને પોતાના જીવનનું સૌથી મોટું સૌભાગ્ય ગણાવ્યું હતું.

ઉત્તરી સરહદે 'ઓપરેશન સ્નો લેપર્ડ' હેઠળ આપણું સૈન્ય મજબૂતીથી તૈનાત છે, જ્યારે પશ્ચિમી સરહદે 'ઓપરેશન સિંદૂર' હેઠળ સેનાએ સંપૂર્ણ ગંભીરતાથી ફરજ બજાવી છે. મે 2025માં પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં કરાયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન આર્મી, નેવી અને એરફોર્સ એમ ત્રણેય પાંખોએ એક સમાન વિચારસરણી અને અદભુત સંકલન સાથે કામ કરીને નવા ધોરણો સ્થાપિત કર્યા હતા

જનરલ દ્વિવેદીએ આફ્રિકન દેશ કોંગોના જંગલોથી લઈને ભૂકંપ પ્રભાવિત વેનેઝુએલા સુધીના માનવતાવાદી કાર્યોમાં દેશનો ધ્વજ ઉંચો રાખવા બદલ ભારતીય જવાનોની બહાદુરી અને શિસ્તના વખાણ કર્યા હતા.

હલ્દિયામાં નેપ્થા પાઇપલાઇનમાં આગ લાગતાં 1નું મોત

ઘાયલ થયેલા 20માંથી 4ની હાલત 'અત્યંત ગંભીર'

હાલદિયા/કોલકાતા, તા. ૩૦ (PTI) પશ્ચિમ બંગાળના પૂર્વા મેદિનીપુર જિલ્લામાં મંગળવારે વહેલી સવારે હલ્દિયા પેટ્રોકેમિકલ્સ લિમિટેડ (એચપીએલ)ની નેપ્થા લઈ જતી પાઇપલાઇનમાં ભીષણ આગ ફાટી નીકળતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

હાલદિયા પેટ્રોકેમિકલ્સ લિમિટેડની માલિકીની નેપ્થા લઈ જતી પાઇપલાઇનના એક નાના હિસ્સામાં ૧૫ કલાક પછી પણ આગ ચાલુ રહી હતી. એક ૩૮ વર્ષીય મહિલાએ શહેરની હોસ્પિટલમાં દાઝી જવાથી થયેલી ઈજાઓના કારણે દમ તોડ્યો હતો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, અન્ય ચાર લોકોની હાલત 'ખૂબ જ ગંભીર' છે અને તેઓ શહેરની હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે, જ્યારે અન્ય ૧૬ લોકોની જિલ્લાની વિવિધ તબીબી સુવિધાઓમાં સારવાર ચાલી રહી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, "આગને મોટા ભાગે કાબૂમાં લેવામાં આવી છે, સિવાય કે પાઇપલાઇન નજીકના એક નાના હિસ્સામાં જ્યાં હજી પણ આગ ચાલુ છે. ત્યાં હજી પણ નોંધપાત્ર માત્રામાં નેપ્થા છે, જે આગને ઉત્તેજિત કરી રહ્યું છે."

વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે, "નેપ્થાની હાજરીના કારણે આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ શકાય નથી. આમાં હજી વધુ આઠથી દસ કલાક લાગી શકે છે."

અધિકારીએ જણાવ્યું કે, આગ સૌપ્રથમ વહેલી સવારે ૨.૪૫ વાગ્યાની આસપાસ જોવા મળી હતી, અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે હલ્દિયા નગરપાલિકાના વોર્ડ ૧૩ હેઠળના ચિરંજીબપુર વિસ્તારમાં કેટલાંક ઘરો આગની ઝપેટમાં આવી ગયાં હતાં.

આઈપીએસ અધિકારીએ જણાવ્યું કે, "ભવાનીપુરના રહેવાસી રોબૈયુલની પત્ની મનુ બીબીનું હોસ્પિટલમાં દાઝી જવાથી મોત નીપજ્યું હતું. અન્ય ચાર લોકોની હાલત પણ અત્યંત ગંભીર છે."

GST ટ્રિબ્યુનલમાં અપીલ કરવાની છેલ્લી તારીખ લંબાવીને 31 જુલાઈ કરાઈ

પોર્ટલ પર ભારે ધસારા અને ટેકનિકલ ખામીઓને પગલે નાણા મંત્રાલયે લીધો આ નિર્ણય

દેશભરમાં 4.80 લાખથી વધુ પેન્ડિંગ કેસોનો હવે ઝડપી નિકાલ થશે

નવી દિલ્હી, તા. 39 (પીટીઆઈ): કેન્દ્ર સરકારે મંગળવારે જીએસટી એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT) સમક્ષ અપીલ દાખલ કરવાની છેલ્લી તારીખ એક મહિના લંબાવીને 31 જુલાઈ સુધી કરી છે.

જીએસટી એપેલેટ ટ્રિબ્યુનલ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં શરૂ કરવામાં આવી હતી, અને સરકારે અગાઉ તેના સમક્ષ અપીલ સબમિટ કરવા માટે 30 જૂન 2026ની અંતિમ તારીખ નક્કી કરી હતી. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે સત્તાવાર પોર્ટલ પર ભારે ધસારાને કારણે અપીલ દાખલ કરવામાં ટેકનિકલ મુશ્કેલીઓ આવી રહી હોવાની રજૂઆતો મળ્યા બાદ આ મહત્વનો નિર્ણય લેવાયો છે.

છેલ્લા 15 દિવસમાં જ પોર્ટલ પર 30,000 અપીલો દાખલ કરવામાં આવી હતી, જેમાં દૈનિક આંકડો 5,500 સુધી પહોંચી ગયો હતો. મંત્રાલયે કરદાતાઓને સલાહ આપી છે કે તેઓ છેલ્લી ઘડી સુધી રાહ જોયા વગર સમયસર પોતાની અપીલ ફાઇલ કરવાનું આયોજન કરે. સરકારે અત્યાર સુધીમાં દેશભરમાં જીએસટીએટી (GSTAT)ની 31 રાજ્ય બેન્ચ અને નવી દિલ્હીમાં એક મુખ્ય બેન્ચને મંજૂરી આપી દીધી છે. હાલમાં એપેલેટ ઓથોરિટી સમક્ષ 4.80 લાખથી વધુ કેસો પેન્ડિંગ છે અને આ તમામ કેસો હવે નવી ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ થાય તેવી અપેક્ષા છે. મે 2024માં સરકારે નિવૃત્ત જસ્ટિસ સંજય કુમાર મિશ્રાની મુખ્ય બેન્ચના પ્રમુખ તરીકે નિમણૂક કરી હતી.

વર્ષ 1 જુલાઈ 2017ના રોજ જીએસટી લાગુ થયા બાદ કરદાતા અને વિભાગ વચ્ચેના તમામ વિવાદો સીધા હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં જતા હતા, જેના લીધે ઉકેલમાં ઘણો સમય લાગતો હતો. સપ્ટેમ્બર 2025થી આ ટ્રિબ્યુનલ કાર્યરત થતાં હવે ટેક્સ વિવાદોનો ઝડપી નિકાલ આવશે. નિષ્ણાતોના મતે સરકારનું આ પગલું વ્યવહારુ છે, જે કરદાતાઓના અપીલ કરવાના અધિકારનું રક્ષણ કરે છે અને પોર્ટલ પરના આકસ્મિક ભારણથી બચાવશે.